**પ્રધાનમંત્રીએ ચોથા ભૂટાન નરેશ સાથે મુલાકાત કરી તેમજ વૈશ્વિક શાંતિ પ્રાર્થના મહોત્સવમાં ભાગ લીધો (12 નવેમ્બર, 2025)**

**12 નવેમ્બર, 2025**

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે થિમ્પુમાં ચોથા ભૂટાન નરેશ મહામહિમ જિગ્મે સિંગ્યે વાંગચુક સાથે મુલાકાત કરી.

2. પ્રધાનમંત્રીએ મહામહિમ, ચોથા રાજાની 70મી જન્મજયંતી નિમિત્તે અભિનંદન પાઠવ્યા અને મહામહિમના નિરંતર સારા સ્વાસ્થ્ય અને સુખાકારી માટે ભારત સરકાર તેમજ ભારતના લોકોની શુભેચ્છાઓ અને પ્રાર્થનાઓ પાઠવી. પ્રધાનમંત્રીએ ભારત-ભૂટાન મિત્રતાને વધુ મજબૂત બનાવવા માટે તેમના નેતૃત્વ, સલાહ અને માર્ગદર્શન બદલ મહામહિમ ચોથા રાજાનો આભાર માન્યો. બંને નેતાઓએ દ્વિપક્ષીય સંબંધો અને પરસ્પર હિતના મુદ્દાઓ પર ચર્ચા કરી. આ સંદર્ભમાં, તેમણે બંને દેશોના લોકોને નજીક લાવતા સહિયારા આધ્યાત્મિક અને સાંસ્કૃતિક સંબંધો પર ભાર મૂક્યો.

3. પ્રધાનમંત્રી, થિમ્પુમાં ચાલી રહેલા વૈશ્વિક શાંતિ પ્રાર્થના મહોત્સવના ભાગ રૂપે ચાંગલિમિથાંગ સ્ટેડિયમ ખાતે કાલચક્ર દીક્ષા સમારોહમાં મહામહિમ, ભૂટાન નરેશ, મહામહિમ, ચોથા ભૂટાન નરેશ અને ભૂટાનના પ્રધાનમંત્રી સાથે જોડાયા. આ પ્રાર્થનાની અધ્યક્ષતા ભૂટાનના મુખ્ય મઠાધિપતિ પરમ પૂજ્ય જે ખેંપોએ કરી હતી.

**થિમ્પુ**

**12 નવેમ્બર, 2025**